# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**Regn. No. : F/10120**

પ્લોટ નં.-૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૫.

ફોન : (૦૭૯) ૨૫૮૩૩૪૯૬, ૨૫૮૯૦૯૬૧ ફેક્સ : (૦૭૯) ૨૫૮૩૪૫૬૧

**E-mail : info@vatvaassociation.org**

**Web : www.vatvaassociation.org**

VIA
VATVA INDUSTRIES ASSOCIATION


*રેફ. : વીઆઈએ/૨૦૧૩-૧૪/૧૯/૫૩* *તા. ૨-૮-૨૦૧૩*

## ઉત્તરાખંડ અસરગ્રસ્તોને મદદ બાબત અપીલ

સભ્ય મિત્રો / ઉદ્યોગકાર મિત્રો,

જૂન-૨૦૧૩માં ભારે વરસાદને કારણે ઉત્તરાખંડ રાજ્યમાં વિનાશક પૂરમાં ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ તેમજ તે વિસ્તારના ગામડાઓ, નાના શહેરી વિસ્તારના રહેવાસીઓ, પવિત્ર ચારધામની યાત્રાએ ગયેલા શ્રધ્ધાળુઓ આ મેઘ તાંડવના ભોગ બન્યા છે. મકાનો તણાઈ જતા, પડી જતા, ઘણાં રહેવાસીઓ બેઘર બન્યા છે. યાત્રાળુઓને નહીં કલ્પેલી મુશ્કેલીઓનો સામનો કરવો પડેલ છે. ઘણાં સ્થાનિક રહેવાસીઓ અને યાત્રાળુઓએ જાન ગુમાવ્યા છે. રસ્તા, વીજળી તેમજ ખાદ્યાખોરાકી નાશ પામેલ છે. આપણે સૌએ આ દુ:ખદ ઘટનાઓ દૈનિક સમાચાર પત્રો તેમજ ટી.વી. દ્વારા જાણેલ છે અને આ કુદરતી પ્રકોપથી સૌનું હૃદય વલોવાઈ ગયું છે. આ અસરગ્રસ્તોને બેઠા કરવા, તેમના દુઃખમાં ભાગીદાર થવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. આ અસરગ્રસ્તોના પુનઃવસવાટ આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, વાહનવ્યવહાર, વીજળી, પાણી, હોસ્પિટલો, વેપાર ધંધા, રોજગારી વગેરે પ્રાથમિક જરૂરિયાતો માટે આપણે ઉત્તરાખંડ રાજ્ય સરકારને મદદરૂપ થઈએ, એ ઘણું જરૂરી છે.

ગુજરાત સરકારના રાહત કમિશનરશ્રી તરફથી માનનીય કલેક્ટરશ્રી અમદાવાદ મારફતે આપણી પાસે મદદ માટે વિનંતી થયેલ છે. આપણા સૌની ફરજ બને છે કે આ કુદરતી આપત્તિકાળમાં યથાશક્તિ મદદ કરીએ. આપ સૌ સભ્યોને આ મદદ માટે ઓછામાં ઓછા રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપીયા અગિયાર હજાર પૂરા)ના ચેક **"વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન"**ના નામે મોકલી આપવા હૃદયપૂર્વક અપીલ છે. સક્ષમ સભ્યોને વિનંતી કે તેઓ આ અંગે વધારેમાં વધારે રકમ ફાળવે અને આ પવિત્ર કાર્યમાં સહભાગી થાય.

આશા રાખીએ કે આ ઉમદા અને ભગીરથ કાર્યમાં આપ સૌનો પૂરેપૂરો સાથ સહકાર મળશે.

આભાર સહ,

| **મિહિર વી. પટેલ** | **સચીન કે. પટેલ** | **પ્રશાંત કે. પટેલ** |
|---|---|---|
| **પ્રમુખ** | **ઉપ-પ્રમુખ** | **માનદ્ મંત્રી** |